For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

તાજેતરમાં થયેલી પોલીસ ઇન્સ્પેક્ટરની બદલી થતા ટ્રાફિકમાં મુકાયા હતા

# જવાહરનગરના PI જે એન પરમાર સસ્પેન્ડ

**ફરજમાં** બેદરકારી દાખવનાર અધિકારી વિરુદ્ધ પોલીસ કમિશનરની લાલ આંખ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેર પોલીસે ઝોન- 1માં આવતા જવાહરનગર પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં જ બદલી થઈને આવેલા ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન પરમારને પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા હુકમ કરવામાં આવ્યો હતો હતો. જેને લઈને સમગ્ર પોલીસ મેળામાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ટ્રાફિક શાખામાંથી બદલી થઈને આવ્યાને હજુ એક મહિનો માંડ થવા આવ્યો હતો અને આપ કોઈ વિવાદમાં આવી જતા તેમને સસ્પેન્ડ કરી દેવાયા છે. ત્યારે કયા વિવાદને લઈને પી.આઈ વિરુદ્ધ વિરુદ્ધ કડક એક્સન લેવામાં આવ્યું તેને લઈને ભારે ચડભડ જોવા મળી રહી છે.

તાજેતરમાં જ ઘણા પીઆઈ ની આંતરિક બદલીના હુકમ પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાં ઝોન 1માં આવતા જવાહરનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ટ્રાફિક શાખામાંથી જે એન પરમારને મૂકવામાં આવ્યા હતા. પરંતુ આ પી.આઈ. જે દિવસથી બદલી થઈ આવ્યાં અને પોલીસ સ્ટેશન નો કાર્યભાર સંભાળ્યો હતો ત્યારથી જ તેજ દિવસથી તેમણે પોતાની મનમાની કરવાનું શરૂ કરી દીધું હતું. તેમના ઝોનમાં આવતા ઉચ્ચ અધિકારી દ્વારા આપવામાં આવતી સૂચનાનું પણ આ પીઆઈ દ્વારા પાલન કરવામાં આવતું ન હતું અને ગુનાની તપાસ પણ પોતાના મન ફાવે તેવી રીતે કરતા હતા. તાજેતરમાં જ જવાહરનગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરીયાદ નોંધાઈ હતી. ઉચ્ચ અધિકારી દ્વારા આ દુષ્કર્મના ગુનાની તપાસ પીઆઈ જે.એન પરમારને સોંપવામાં આવી હતી. પરંતુ બળાત્કારનો ગુનો ગંભીર પ્રકારનો હોવા છતાં તપાસ પીઆઈ દ્વારા પી.એસ.આઈને સોંપી દેવામાં આવી હતી. આ સમગ્ર વિગત ઉચ્ચ અધિકારીને જાણવા મળી હતી ત્યારે તેઓએ આ ફરજ પ્રત્યેની ગંભીર પ્રકારની બેદરકારીની જાણ પોલીસ કમિશનરને કરવામાં આવી હતી.જેથી પોલીસ કમિશનર દ્વારા આ અન્ય અધિકારીઓ પણ ઉચ્ચ અધિકારીના હુકમનો અનાદર તથા તેમની સુચના નિયમિત પાલન ના કરે તેવો દાખલો બેસાડવા માટે જવાહરનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર જે. એન પરમારને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

### PI પરમારે ઉચ્ચ અધિકારીની સુચનાનું પાલન નહી કરી રેપ કેસની તપાસ PSI પાસે કરાવડાવી

જવાહરનગર પોલીસ સ્ટેશનના પીઆઇ જે એન પરમારનું અધિકારી સાથેનું ગેરવર્તન કર્યું હોવાની વિગતો ધ્યાન પર આવી હતી. જેમાં એક મહત્વના રેપ કેસની તપાસ કરવા માટે તેમના ઝોનના ડીસીપી દ્વારા લેખિતમાં જણાવવામાં આવ્યું હતું. પરંતુ પીઆઇ જે એન પરમાર દ્વારા આ તપાસ હાથ પર લેવામાં આવી ન હતી અને પીએસઆઇ પાસે તપાસ કરાવી પુરી કરી દેવામાં આવી હતી. અત્યારે પોલીસે સાઇબર ક્રાઇમના સહિતના કેસોની ઝુંબેશ કરી રહ્યા હતા. તેમાં પણ પીઆઇની કામગીરી યોગ્ય જણાઇ ન હતી. ઉપરાંત તેમના વિરુદ્ધમાં અનેક અરજી પણ ટુકાગાળા દરમિયાન થઇ હતી. એડમિનિસ્ટ્રેટિવ તથા ક્રિમિનલ વર્ક પર ધ્યાન નહી આપતા તથા અધિકારીની સુચનાનું યોગ્ય રીતે પાલન નહી કરતા હોય તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.. - **નરસિમ્હા કોમાર,** પોલીસ કમિશનર

હાઈવેના વાહનો ડાયવર્ટ થતાં શહેરના અનેક વિસ્તારોમાં ટ્રાફિકજામ

# અમદાવાદ - મુંબઈ નેશનલ હાઈવે પર કપુરાઈથી ગોલ્ડન ચોકડી સુધી 10 કિમી લાંબો ચક્કાજામ

**ત્રણ કલાકો** સુધી ટ્રાફિકમાં ફસાતા વાહનચાલકો અને બાળકો સહિતના લોકોએ ગરમી સાથે ભુખ્યા તરસ્યા ટળવળવુ પડ્યુ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

અમદાવાદ-મુંબઇ નેશનલ હાઇવે પર કપુરાઇ ચોકડીથી ગોલ્ડન ચોકડી સુધી 10 કિમી સુધી ટ્રાફિક જામ થવાના કારણે તમામ પ્રકારના વાહન ચાલકો તેમજ બાળકો સહિતના લોકોએ 3 કલાક સુધી ભુખ્યા તરસ્યાં ટ્રાફિકમાં ટળવળવુ પડ્યું હતું. તંત્ર સામે લોકોએ ભારે રોષ વ્યક કર્યો હતો અને હાઇવે ઓથોરિટી સહિતના સરકારી તંત્ર સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

અમદાવાદ - મુંબઇ નેશનલ હાઇવે પર કપુરાઇ ચોકડીથી ગોલ્ડન ચોકડી સુધી ટ્રાફિકજામના કારણે ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાતા હજારો લોકોએ ત્રણ જેટલા કલાક સુધી ટ્રાફિકમાં ફસાઈ જવાનો વારો આવ્યો હતો. 8 ઓગસ્ટના રોજ સવારથી લોકો ટ્રાફિક જામ થવાના કારણે ટ્રાફિકમાંથી વાહન ચાલકો કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાયેલા રહ્યા રહ્યા હતા અને પોતાના નોકરીના સ્થળ તથા ઘરે પહોંચવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. કેટલાક લોકો તો બપોરના નોકરીથી નિકળ્યા પરંતુ 5 વાગ્યા સુધી ટ્રાફિકમાં જ ફસાયેલા જોવા મળ્યાં હતા. ત્યારે વાહનોમાં બેઠેલા ડ્રાઈવર સહિતના પરિવારના સભ્યો અને બાળકોએ કલાકો સુધી ટ્રાફિકનાકારણે ભુખ્યા તરસ્યા ટળવળવુ પડ્યુ હતું. જેના કારણે હેરાન પરેશાન થઇ ગયા લોકોએ હાઈવે ઓથોરિટી સહિતના સરકારી તંત્ર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. અલગ અલગ સ્થળ પર પરથી ટ્રાફિકમાં ફસાયેલા વાહનચાલકો સહિતનાલોકોએ વહેલીતકે ટ્રાફિક ક્લીયર કરાવવામાં આવી તેવી માગણી કરવામાં આવી હતી.

ટુ વ્હીલર વેચનાર ડિલરોને વાહન સાથે બે હેલ્મેટ આપવા આહવાન

# વડોદરામાં 15 સપ્ટેમ્બરથી હેલ્મેટના કાયદાનું અમલીકરણ કરાશે : CP

**વાહનચાલકોને** વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા સાંસદ ડો.હેમાંગ જોષીની પણ અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરમાં અનેકવાર માર્ગ અકસ્માત થવાના કારણે ઘણા લોકોને માંથામાં ગંભીર ઈજાઓ થવાના કારણે મોત નિપજ્યા હોવાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. ત્યારે માર્ગ અકસ્માતોમાં લોકોના થતા મોતને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ વિભાગ દ્વારા રાહવીર યોજના અને હેલ્મેટ અંગેની જન જાગૃતિ બાબતે એક પ્રકારનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનને શહેર પોલીસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનર, સાંસદ, એસએસજી હોસ્પિટલના અધિક્ષક સહિતના અગ્રણીઓ દ્વારા લીલી ઝંડી અપાઈ છે. વડોદરા શહેરમાં થતા માર્ગ અકસ્તોને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું આગામી 15 સપ્ટેમ્બરના રોજથી વડોદરા શહેરમાં હેલ્મેટના નિયમોનું અમલીકરણ કડકાઈપૂર્વક કરાશે.

વારંવાર પોલીસ વિભાગ તથા સરકાર દ્વારા હેલ્મેટના કાયદાનું પાલન કરવા માટેની સચુનાનો પરીપત્ર કરાય છે. તેમ છતાં નાગરિકોને હેલ્મેટ પહેર્યા વગર જ વાહન ચલાવતા હોય છે. જેના કારણે માર્ગ અકસ્માત થાય છે અને લોકોના મોત પણ થતા હોય છે. તેને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગ દ્વારા 8 ઓગષ્ટના રોજ આજવા રોડ પર આવેલા પંડિત દિનદયાળ હોલ ખાતે રાહવીર યોજના તથા હેલ્મેટ અંગેના જનજાગૃત અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે વધતા માર્ગ અકસ્માતોના અનુસંધાને આજથી જ હેલ્મેટનો ઉપયોગ શરૂ કરી દેવા માટે વાહનચલાકોને અપીલ કરી હતી. કમિનરે વધુમા જણાવ્યું હતું કે અમે હેલ્મેટના નિયમનું કડકાઈથી અમલ કરવા વડોદરામાં વ્હીકલ ડીલરો, વાહન લે-વેચે કરનાર વેપારીઓ વાહન સાથે ખરીદનાર બે હેલ્મેટ આપો. જેમાં હેલમેટ સ્ટાન્ડર્ડ હોવા જોઈએ અને તમામ જગ્યાઓ પર હેલ્મેટ પહેરીને વાહન ચલાવવા માટે કહ્યું હતું અને 15 સપ્ટેમ્બરથી હેલ્મેટના નિયમનું કડલ પાલન કરાવવાનું રહેશે. ઉપરાંત હેલ્મેટ નહી પહેરાનાર વાહનચાલકો સામે ઝીરો ડોલરન્સ હેલ્મેટના કાયદાનું અમલીકરણ કરાશે. ઉપરાંત વડોદરાના સાંસદ ડો.હેમાંગ જોષી દ્વારા પણ વાહનચલાકોને હેલ્મેટ પહેરવા પર ભારપૂર્વકર આહવાન કરવામાં આવ્યું હતુ.

# ગરમીનો પારો 34.0 ડિગ્રી સેલ્સિયસ થતાં શહેરીજનો ત્રાહિમામ

(પ્રતિનિધિ) વડોદરા તા.08

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદે વિરામ લેતાં ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. શહેરમાં મહત્તમ તાપમાનમાં 2.7 ડિગ્રી સેલ્સિયસ નો વધારો જોવા મળી રહ્યો છે જેના કારણે શુક્રવારે મહત્તમ તાપમાન 34.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

શહેરમાં મહત્તમ તાપમાનમાં 2.7 ડિગ્રી તથા લઘુત્તમ તાપમાનમાં 1.9 ડિગ્રી નો વધારો જોવા મળી રહ્યો છે જેના કારણે શુક્રવારે શહેરમાં મહત્તમ તાપમાન 34.0 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું સાથે લઘુત્તમ તાપમાન 27.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 59% જેટલું રહેવા પામ્યું હતું. શહેરમાં દિવસ અને રાત્રી દરમિયાન લોકો એ.સી., એર કુલર,પંખા ચલાવવા મજબૂર બન્યા છે. એક તરફ હવામાન વિભાગ દ્વારા રવિવાર સુધી રાજ્યમાં હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડવાની આગાહી કરી હતી.


ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ગંગા સિંહે પોલીસકર્મીઓ સાથે ગેરવર્તણૂક કરી

# પાલિકા બંદોબસ્તના પોલીસ કર્મચારીને ગંગા સિંહે 'ગેટ આઉટ' કહી બહાર કાઢ્યા

**નવાપુરા** પોલીસ મથકના કર્મીઓ સાથે ગંગા સિંહના ખરાબ વર્તનથી પોલીસબેડામાં ભારે નારાજગી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા મહાનગરપાલિકા ખાતે એક મોરચો આવેદનપત્ર આપવા માટે પહોંચ્યો હતો. નિયમ મુજબ, આવા પ્રસંગે કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સ્થાનિક પોલીસ તંત્ર પણ સ્થળ પર હાજર રહે છે. જે મુજબ નવાપુરા પોલીસ મથકના કોન્સ્ટેબલો પણ પાલિકા ખાતે પહોંચી ગયા હતા. પોલીસ પોતાના ફરજના ભાગરૂપે મોરચાની વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરી રહી હતી જેથી કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેનો પુરાવો રહે અને સમગ્ર પ્રક્રિયાનો રેકોર્ડ તૈયાર થઈ શકે. મોરચો મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ગંગા સિંહની ઓફિસ સુધી પહોંચ્યો. આ દરમિયાન વિડિયોગ્રાફી કરતા કરતા નવાપુરા પોલીસ મથકના કોન્સ્ટેબલ પણ તેમની ઓફિસ પાસે પહોંચ્યા. જે બાદ મોરચો તેમની ઓફિસમાં દાખલ થતા પોલીસકર્મીઓ પણ ઓફિસમાં ગયા હતા. ત્યાં હાજર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ગંગા સિંહે મોરચાની સામે જ કોન્સ્ટેબલોને અટકાવ્યા અને "મારી પરમિશન વિના કેમ વીડિયો બનાવ્યો" એવી ટકોર કરી. ત્યારબાદ તેમણે કડક અવાજમાં "ગેટ આઉટ" કહી નવાપુરા પોલીસ મથકના કોન્સ્ટેબલોને બહાર નીકળી જવા કહ્યું.



આ ઘટનાને કારણે પોલીસકર્મીઓમાં ભારે નારાજગી ફેલાઈ છે. સૂત્રો અનુસાર, કોન્સ્ટેબલ પોતાનું કામ કરી રહ્યા હતા અને કોઈપણ વ્યક્તિગત હેતુથી વીડિયો બનાવવામાં આવ્યો ન હતો. તેમ છતાં, જાહેરમાં અને મોરચાની સામે આ પ્રકારનું વર્તન કરવાથી પોલીસ કર્મચારીઓનું માનસિક મનોબળ ઘટે છે. પોલીસ વિભાગના કેટલાક અધિકારીઓએ આ બાબતે અસંતોષ વ્યક્ત કર્યો છે. તેઓનું કહેવું છે કે ફરજ બજાવતા કર્મચારીઓ સાથે આ રીતે વર્તવું યોગ્ય નથી અને એથી પોલીસ-પ્રશાસન વચ્ચે અપ્રિય પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ગંગા સિંહ સોશિયલ મીડિયામાં અવારનવાર પોતાની સારી છબી દર્શાવતા જોવા મળે છે, પરંતુ આ ઘટનાએ તેમની કાર્યપદ્ધતિ અંગે સવાલો ઊભા કર્યા છે. ખાસ કરીને જાહેર સ્થળે, ફરજ બજાવતા કર્મચારીઓને અપમાનજનક રીતે બોલવું કે બહાર કાઢવું એ બાબત પોલીસ તંત્રમાં ચર્ચાનો વિષય બની છે. આવો બનાવ પહેલી વાર નથી જ્યારે નાના સ્તરના કર્મચારીઓને માનસિક દબાણનો સામનો કરવો પડ્યો હોય. પોલીસકર્મીઓએ ફરજ દરમ્યાન સત્તાવાર રીતે વિડિયોગ્રાફી કરવી એ તેમની જવાબદારીનો એક ભાગ છે, તેથી આવી ઘટનાએ પોલીસના ઉચ્ચ અધિકારીઓને પણ અસંતોષ થયો છે. ઘટનાની જાણકારી મળતા જ કેટલાક અધિકારીઓએ આંતરિક ચર્ચા શરૂ કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.

આરોપી દ્વારા વારંવાર દુષ્કર્મ ગુજારાયું હોવાથી પીડિતાને 17 સપ્તાહનો ગર્ભ રહ્યો હતો

# દુષ્કર્મનો ભોગ બનનાર પીડિત 14 વર્ષની સગીરાને ગર્ભપાત માટે હાઈકોર્ટની મંજૂરી

**ગર્ભ** રાખવાને લઇને પીડિતા અને તેના પરીવારજનો આઘાતમાં હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતી 14 વર્ષીય સગીરા પર આરોપી દ્વારા વારંવાર દુષ્કર્મ ગુજારવાના કારણે તેણીને 17 સપ્તાહના ગર્ભ રહ્યો હતો. ત્યારે ગર્ભપાત માટે અરજી દાખલ કરાઇ હતી. જેને હાઈકોર્ટે મંજૂરી આપી છે. કેસને લઇ હાઈકોર્ટે નોંધ્યું હતું કે મેડિકલ તપાસના રીપોર્ટ નોર્મલ હોવા છતાં ગર્ભપાતમાં જોખમ રહેલું છે.

ગર્ભ રાખવાને લઇ પીડિતા અને તેના પરીવાર માટે આઘાત જનક હોય બને તેમ જલ્દી પીડિતાના ગર્ભનો નિકાલ કરાશે. સગીરાના ડીએનએ મેળવી તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવશે. પીડિતાની ગર્ભપાત પહેલા અને પછી લેવાની મેડિકલ સાર સંભાળ રાખવામાં આવશે. આ કેસમાં સગીરાનો જન્મ વર્ષ 2011 થયો હતો. આ ઘટનામાં અજાણ્યા આરોપી સામે વડોદરાના પોલીસ મથકે પોક્સો અને દુષ્કર્મના ગુનો દાખલ કરાયો છે.

એડવોકેટ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં સગીરા જ્યારે તેના ઘરે એકલી હતી. ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર સહીતના બે શખ્સો દ્વારા તેની ઉપર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. દિવસો પસાર થવાના કારણે પીડીતાનું પેટ ઉપસીને બહાર આવ્યું હતું. પરિવારના તેના પર શંકા જતા પીડાતીને લઈને હોસ્પિટલમાં ચેકઅપ કરાવતા સોનોગ્રાફીમાં બહાર આવ્યું હતું કે તેને આશરે 17 સપ્તાહનો ગર્ભ રહી ગયો છે. સગીરા શારીરિક અને માનસિક રીતે બાળકને જન્મ આપવા તૈયાર નથી. જો બાળક જન્મે તો તેની જવાબદારી ઉપાડી શકે તેમ નથી.

સગીરાના ગર્ભના ગર્ભપાત સાથે જ ગર્ભના ડીએનએ નું સેમ્પલ જાળવવા હાઈકોર્ટમાં માંગ કરાઇ હતી. હાઈકોર્ટે વડોદરાની સયાજી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટને સાયકોલોજીસ્ટ અને મહિલા ગાયનેકોલોજિસ્ટ સાથે સગીરાના મેડિકલ ચેક અપના આદેશ પણ આપ્યા હતા. જેનો રીપોર્ટ આવતા હોસ્પિટલને પીડાતાનું ગર્ભપાત માટે નિર્દેશ અપાયા છે.

### પ્રતાપ મડઘાની પોળના શ્રીજીની ભવ્ય આગમનયાત્રા નિકળી



■ શહેરમાં ગણેશોત્સવની તૈયારીનો ધમધમાટ શરૂ થઇ ગયો છે ત્યારે શુક્રવારે શહેરના પ્રખ્યાત એવા પ્રતાપ મડઘાની પોળના શ્રીજીની આગમનયાત્રા નિકળી હતી જેમાં સ્વયંભૂ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા

ઇવા મોલ સામેના નાયરા પમ્પ પરથી પેટ્રોલ ભરાવ્યા બાદ બાઈક બંધ પડી

# માંજલપુર ભાજપના મહામંત્રીના પેટ્રોલ પંપ પર ગુલાબી પેટ્રોલ મળતા ગ્રાહકોમાં આશ્ચર્ય



**મિકેનિક** ગુલાબી રંગનું ઈંધણ જોઈને ચોંકી ગયો

### ગુણવત્તા ધરાવતા પ્રીમિયમ પેટ્રોલનો રંગ ગુલાબી કલરનો હોય

મંગલમૂર્તિ પેટ્રોલ પંપ પર ગુલાબી રંગના પેટ્રોલને લઈને પેટ્રોલ પંપ માલિક દ્વારા માહિતી આપી આપવામાં આવી છે કે ગુલાબી કલર ધરાવતા પ્રીમિયમ ક્વોલિટી પેટ્રોલનો છે. પાંચ વર્ષથી નાયરા એજન્સી મારફત વેચાતું આ ગ્રેડેડ પેટ્રોલ ખાસ પ્રકારનું ધરાવતું હોવાથી તેનો રંગ સામાન્ય પેટ્રોલ કરતા ગુલાબી દેખાય છે. - **સત્યેન કુલાબકર,** પેટ્રોલ પંપના માલિક

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં ઈવા મોલ સામે ભાજપના મહામંત્રી સત્યેન કુલબકર ના નાયરા પેટ્રોલપંપ પર ગુલાબી રંગનું પેટ્રોલ પૂરાવાનું ચોંકાવનારિ ઘટના સામે આવતાં શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ઘટનાની વિગત મુજબ, એક બાઈક સવાર ગ્રાહકે રૂપિયા ચૂકવીને પેટ્રોલ ભરાવ્યું, ત્યારબાદ તેઓનું વાહન થોડીવારમાં જ એકદમ બંધ થઈ ગયું હતું.

ગ્રાહકના જણાવ્યા અનુસાર, બાઈક સતત ઝટકા મારતી હતી અને સતત બંધ પડી રહી હતી. અનેક પ્રયાસો છતાં બાઈક ચાલુ ન થઈ, એટલે તેમણે નજીકના મિકેનિકની સેવા લીધી. બાઈકની કાર્બ્યુરેટર સર્વિસ કરતી વેળાએ, મિકેનિકને પેટ્રોલની ટાંકી ખોલતાં ગુલાબી રંગનું પેટ્રોલ દેખાઈ આવ્યું. આ કલરને જોઈ ગ્રાહક અને મિકેનિક બંને આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા, કારણ કે અગાઉ તેમણે ક્યારેય આવી રીતે રંગીન પેટ્રોલ જોયું નહોતું.

ગ્રાહકે જણાવ્યું હતું કે તેમને શંકા છે કે ડુપ્લીકેટ પેટ્રોલનું વેચાણ થઈ રહ્યું છે કે પછી તેમાં કોઈ પ્રકારનું મિક્સિંગ છે, કારણ કે પેટ્રોલ કંપનીઓ ક્યારેય તદ્દન પિંક પેટ્રોલ વેચતી નથી. ગ્રાહકે વધુમાં ઉમેર્યું હતું કે, "પેટ્રોલનું મેં બીલ લીધું નથી. મને લાગતું હતું કે કદાચ નવા પ્રકારનું પેટ્રોલ આવતા હશે, પણ મિકેનિકે જણાવ્યું કે એવું કંઈ નથી."

સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર દ્વારા ડિજિટલ રાખડીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટુલની મદદથી બનાવી

# સમાજમાં જાગૃતિ ફેલાવવા હવે સાયબર રક્ષાબંધન પણ જરૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

છેલ્લા કેટલાય સમયથી ભારત સહિત દુનિયાના તમામ દેશો માટે સાયબર ક્રાઈમ એ સૌથી મોટી સમસ્યા બની ચૂકી છે, અને સાયબર ક્રાઈમમાં દર વર્ષે સતત અકલ્પનીય રીતે વધારો થતો જોવા મળ્યો છે, સાયબર ક્રાઈમને ડામવા માટે સાયબર અવેરનેસ પ્રોગ્રામને એક સૌથી મોટું હથિયાર આજના સમયમાં ગણવામાં આવે છે, ઈન્ટરનેટ વાપરનાર યુઝર જેટલા સાયબર એટેક થી જાણકાર થશે, તેટલા તેઓ ડિજિટલ સુરક્ષિત બનશે અને સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકશે, તો સાયબર અવેરનેસ થીમ અંતર્ગત અને રક્ષાબંધન પર્વને ધ્યાનમાં રાખીને સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર દ્વારા ડિજિટલ રાખડી ને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટુલની મદદથી બનાવી છે, અને સાયબર અવેરનેસ પ્રોગ્રામને સમાજના તમામ લોકો સુધી પહોંચાડવાનો ઉદ્દેશ્ય હાથ ધર્યો છે.

સાયબર રાખડી સમાજ માટે શા માટે મહત્વપૂર્ણ છે, તે બાબતની માહિતી આપતા સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર જણાવે છે કે,

**સાયબર સુરક્ષાની જાગૃતિ**

સાયબર રાખડી રક્ષાબંધનના પવિત્ર તહેવારને સાયબર સુરક્ષા જેવા આધુનિક અને ગંભીર વિષય સાથે જોડે છે. રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેનના પરસ્પર રક્ષણના પ્રતીક તરીકે ઉજવાય છે. સાયબર રાખડી દ્વારા,આપણે ડિજિટલ દુનિયામાં પણ એકબીજાની સુરક્ષા માટે જાગૃત થવાનો સંદેશ આપીએ છીએ. સાયબર ક્રાઈમ અંતર્ગત ઓનલાઈન છેતરપિંડી, ડિજિટલ અરેસ્ટ, રેન્સમવેર, સોશિયલ એન્જિનિયરિંગ, વેબસાઈટની સુરક્ષા, સોશિયલ મીડિયા એકાઉન્ટ સુરક્ષા અને



ડેટા ચોરી જેવા જોખમોથી બચવા માટે સમાજમાં જાગૃતિ ફેલાવવી અત્યંત જરૂરી છે.

**હેલ્પલાઈન નંબર 1930 નો પ્રચાર થવો**

સાયબર રાખડી પર 1930 હેલ્પલાઈન નંબરનો ઉલ્લેખ સાયબર જાગૃતિનો સીધો અને અસરકારક સંદેશ આપે છે. આ નંબર સાયબર ક્રાઈમની ફરિયાદ નોંધાવવા માટે ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. જ્યારે આ નંબર રાખડી પર હોય, ત્યારે તે મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચે છે. ખાસ કરીને બાળકો અને યુવાનો જેઓ સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટનો વધુ ઉપયોગ કરે છે, તેઓ આ નંબરને યાદ રાખી શકે છે અને જરૂર પડ્યે તેનો ઉપયોગ કરી શકે છે.

**સાંસ્કૃતિક અને આધુનિકતાનું સંયોજન**

આ રાખડી ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને આધુનિક યુગની જરૂરિયાતોનું સુંદર સંયોજન છે. તે દર્શાવે છે કે આપણે આપણા પરંપરાગત તહેવારોને સમયની સાથે બદલાતી પરિસ્થિતિઓ અનુસાર કેવી રીતે અપનાવી શકીએ છીએ. આ રાખડી ફક્ત એક ધાર્મિક પ્રતીક નહીં, પણ આધુનિક સમયમાં અને ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સામાજિક અને સુરક્ષા સંબંધિત સંદેશ પણ આપે છે.

**રક્ષાનો વ્યાપક અર્થ સાર્થક થાય**

અત્યારના સમયમાં રક્ષાબંધનનો અર્થ માત્ર શારીરિક રક્ષણ પૂરતો સીમિત રહ્યો નથી. સાયબર રાખડી દ્વારા, "રક્ષા" શબ્દનો અર્થ ડિજિટલ દુનિયામાં સુરક્ષા, નાણાકીય સુરક્ષા અને ઓનલાઈન ગોપનીયતાની સુરક્ષા સુધી પણ વિસ્તરે છે. ભાઈ તેની બહેનને અને બહેન તેના ભાઈને ઓનલાઈન જોખમોથી બચાવવા માટે સાયબર જાગૃત થવાનો સંદેશ પણ આપે છે.

**સહિયારી જવાબદારીની ભાવના**

આ પ્રકારની સાયબર રાખડી સમાજમાં સહિયારી જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપે છે. તે યાદ અપાવે છે કે સાયબર સુરક્ષા માત્ર સરકાર અથવા પોલીસની જ નહીં, પણ દરેક નાગરિકની જવાબદારી છે. ચાલો આપણે બધા ભાઈ બહેન એકબીજાને સાયબર જાગૃત કરીને એક સુરક્ષિત ડિજિટલ સમાજનું નિર્માણ કરીએ.

નવાપુરા વિસ્તારની ધો.૯માં અભ્યાસ કરતી સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું

# દુષ્કર્મના આરોપીની ચાર વર્ષ કેદના હુકમ સામે હાઈકોર્ટે સજા રોકી જામીન મંજૂર કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા. 08

નવાપુરામાં રહેતી અને ધો.9 માં અભ્યાસ કરતી સગીરાને વિસ્તારમાં રહેતો 19 વર્ષીય યુવક લગ્નની લાલચે ભગાડી ગયો હતો અને રાજસ્થાન તથા મહારાષ્ટ્ર ખાતે લઇ જ ઇ સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને 4 વર્ષની સખત કેદની સજા સાથે જ રૂ.10,000નો દંડ ફટકાર્યો હતો અને દંડ ન ભરે તો વધુ એક મહિનાની કેદની સજા ફટકારી હતી સમગ્ર મામલે એડવોકેટ ભૌમિક એચ.શાહ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી જેમાં રજૂઆતો ને ગ્રાહ્ય રાખી ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ પોક્સો જજ અને ત્રીજા અધિક સેશન્સ જજ ની કોર્ટના ચૂકાદાને સ્થગિત કરી આરોપીને રૂ.15,000ના નવા બોન્ડ અને ટ્રાયલકોર્ટની સંતોષ મુજબ એક જામીનગીરી સાથે જામીન મંજૂર કરવાનો હૂકમ કર્યો છે.

સગીરાને કમળો થયો હોય તે શેરડીનો રસ લેવા માટે ખંડેરાવ માર્કેટ ગઈ હતી પરંતુ મોડી રાત સુધી પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી છતાં સગીરાનો કોઈ પત્તો લાગ્યો ન હતો. તે દરમિયાન તે જ વિસ્તારમાં આવેલા બળિયાદેવ મંદિર પાસે લાલબાગ, કુંભારવાડા ખાતે રહેતો યશ વિલાસરાવ પવાર નામનો 19 વર્ષીય યુવક સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયો હોવાનું જાણવા મળતાં પરિવારે નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે બંનેને શોધી કાઢ્યા હતા જેમાં તપાસ દરમિયાન આરોપી યશ પવાર સગીરાને રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં લઈ ગયો હતો જ્યાં રાજસ્થાનના ઉદેપુર બસ ડેપોમાં યુવકે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું.આ કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી જતાં કોર્ટે વકીલની દલીલો, પૂરાવાઓ અને સાક્ષ્યને ધ્યાનમાં રાખીને આરોપી યશ પવારને 4 વર્ષની સખત કેદ સાથે જ રૂ.10,000નો દંડ ફટકાર્યો હતો. સમગ્ર મામલે એડવોકેટ ભૌમિક એચ.શાહ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી જેમાં રજૂઆતો ને ગ્રાહ્ય રાખી ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ પોક્સો જજ અને ત્રીજા અધિક સેશન્સ જજ ની કોર્ટના ચૂકાદાને સ્થગિત કરી આરોપીને રૂ.15,000ના નવા બોન્ડ અને ટ્રાયલકોર્ટની સંતોષ મુજબ એક જામીનગીરી સાથે જામીન મંજૂર કરવાનો હૂકમ કર્યો છે.